પાકિસ્તાની પ્રમુખ ઝરદારી આજે ભારતમાં : સિંહ સાથે ચર્ચા

નવી દિલ્હી,તા. ૭

જેની ઉત્સુકતા પૂર્વક રાજકીય વર્તુળોમાં રાહ જોવામાં આવી રહી છે તે પાકિસ્તાની પ્રમુખ આસિફ અલી ઝરદારી આવતીકાલે ભારત પહોંચી રહ્યા છે. ઝરદારીએ ભારત પહોંચે તેના એક દિવસ પહેલા કહ્યુ હતુ કે વડાપ્રધાન મનમોહનસિંહ સાથેની તેમની વાતચીત દરમિયાન હફીઝ સઈદનો મુદ્દો ચર્ચાશે તેમ તેઓ માનતા નથી. ઝરદારી રવિવારના દિવસે ત્રણ કલાક રોકાણ કરશે તેઓ અજમેરમાં ખ્વાજા મોઈનુદ્દીન ચિસ્તીની દરગાહ ઉપર ઝિયારત માટે જતા પહેલા વડાપ્રધાન મનમોહનસિંહ સાથે વિસ્તાર પૂર્વક વાતચીત કરનાર છે. વડાપ્રધાનના સત્તાવાર નિવાસ્થાન રેસકોર્સ રોડ નિવાસ્થાને બંને નેતાઓની આ મીટિંગ યોજાનાર છે. આ મીટિંગમાં બંને પક્ષો તરફથી અન્ય કોઈ વ્યક્તિ જોડાશે નહીં. ત્યારબાદ બંને પક્ષોના પસંદગીના મહેમાનો માટે લંચનુ આયોજન કરવામાં આવ્યુ છે જેમાં તમામ લોકો ઉપસ્થિત રહેશે. દ્વીપક્ષીય મુદ્દાઓ ઉપર મુખ્ય રીતે ચર્ચા કરવામાં આવશે. તેમની યાત્રા દરમિયાન ઝરદારીની સાથે તેમના ૨૩ વર્ષીય પુત્ર બિલાવલ ભુટ્ટો ઝરદારી પણ આવી રહ્યા છે.બિલાવલ ભુટ્ટો ઝરદારીએ વર્ષ ૨૦૦૭માં તેમની માતા બેનઝીર ભુટ્ટોની હત્યા બાદ પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી)ની જવાબદારી સંભાળી લીધી હતી. ઝરદારીની સાથે ગૃહ પ્રધાન રહેમાન મલિક, વિદેશ સચિવ, પ્રમુખના વરિષ્ઠ અધિકારીઓ અને મીડિયાના વરિષ્ઠ અધિકારીઓ પણ પહોંચી રહ્યા છે. અલબત્ત ઝરદારીની યાત્રાને લઈને કોઈપણ એજંડા નથી. પરંતુ નેતાઓ માને છે કે દ્વીપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા થશે. યાત્રા પહેલા બંને પક્ષોં સ્પષ્ટતા કરી ચુક્યા છે કે બંને નેતાઓ પારસ્પરિક ચિંતાના મુદ્દા પર વાત કરશે. વિદેશ મંત્રી એસએમ કૃષ્ણાએ આજે કહ્યુ હતુ કે તમામ દ્વીપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા થશે. ૨૬/૧૧ના મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ હફીઝ સઈદ સામે પગલા લેવા પાકિસ્તાન ઉપર ફરી એકવાર દબાણ વધી ગયુ છે. કારણ કે અમેરિકાએ તાજેતરમાં જ લશ્કરે તૈયાબાના લીડર અને જમાત ઉદ દાવાના વડા સઈદ ઉપર ૫૦ કરોડનુ ઈનામ જાહેર કરવામાં આવ્યુ હતુ. બંને પક્ષઓની વાતચીત દરમિયાન ભારત તરફથી આ મુદ્દો ઉઠાવામાં

આવે તેવી શકયતા છે. આ મુલાકાત પહેલા બંને દેશો સઈદના મામલે પોતપોતાનુ વલણ સ્પષ્ટ કરી ચુક્યા છે. એક બાજુ પાકિસ્તાનનુ કહેવુ છે કે હફીઝ સઈદ સામે ભારત તરફથી કોઈ નક્કર પુરાવા મળ્યા નથી. બીજી બાજુ નવી દિલ્હીએ સાફ શબ્દોમાં કહ્યુ છે કે મુંબઈના ભીષણ આતંકવાદી હુમલામાં સઈદની સંડોવણી અને તેની ભૂમિકાથી પાકિસ્તાન ઈનકાર કરી શકે નહીં. ગૃહ પ્રધાન પીં ચિદમ્બરમ દ્વારા પાકિસ્તાનને જે પુરાવા આપવામાં આવ્યા છે તેમા સઈદની ભૂમિકાનો સ્પષ્ટ પણે ઉલ્લેખ છે. એક અહેવાલ એવા પણ આવ્યા હતા કે ઓસામા બિન લાદેન સાથે પણ સઈદ સતત સંપર્કમાં હતો. મુંબઈના કાવતરામાં લાદેન પણ સામેલ હતો. આજ કારણસર અમેરિકાએ તાત્કાલીક પગલા લઈને સઈદ પર ઈનામ જાહેર કર્યુ હતુ અને તેના પર સંકજો મજબૂત બનાવ્યો હતો. ઝરદારીની ભારત યાત્રાને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. બીજી બાજુ અજમેર શરીફમાં પણ ઝરદારીની યાત્રાને લઈને તમામ તૈયારીઓ પરિપૂર્ણ થઈ ચુકી છે. ઝરદારી અજમેર શરીફ દરગાહમાં આશરે દોઢ કલાક રોકાય તેવી સંભાવના છે.

જ્વેલરી ઓનલાઈન શોપિંગના પ્રમાણમાં સતત વધારો

નવી દિલ્હી,તા. ૭

જ્વેલરીની ઓનલાઈન શોપિંગનું પ્રમાણ દિનપ્રતિદિન વધી રહ્યું છે. એક સમય સોના-હીરા અને અન્ય કિંમતી ચીજવસ્તુઓની ખરીદી વિશ્વસનીય દુકાનદારો પાસેથી જ કરવામાં આવતી હતી. પરંતુ હવે પ્રવાહ બદલાઈ ચૂક્યો છે. મોટાભાગના લોકો દાગીનાઓની ખરીદી ઓનલાઈન કરવા લાગી ગયા છે. બ્લુસ્ટોન ડોટ કોમની સંસ્થાના વિદ્યા નટરાજને કહ્યું છે કે ભારતમાં જ્વેલરીની ઓનલાઈન ખરીદી શરૂઆતી તબક્કામાં છે. પરંતુ આમા મોટો ફેરફાર અને વધારો થવાની સંભાવના છે. આ અગાઉ ક્યારેય પણ આ પ્રકારની ઓનલાઈન ખરીદી જોવા મળી ન હતી. તેમને કહ્યું છે કે બ્રાન્ડેડ, હળવી

ઓનલાઈન ખરીદી...

ઓનલાઈન ખરીદીમાં સતત વધારો છે

- જ્વેલરી ઓનલાઈન શોપિંગ કરનારાઓની સંખ્યા સતત વધી
- વર્ષ ૨૦૧૫ સુધી ઈન્ટરનેટ નેટવર્ક વધવાની સાથે દેશમાં ઓનલાઈન રિટેલ કારોબાર ૭૦ અબજ સુધી પહોંચી શકે
- વર્ષ ૨૦૧૧માં ઓનલાઈન રિટેલ કારોબાર ૨૦ અબજ ડોલર સુધી હતો
- રિટેલ ઓનલાઈન ખરીદી-વેચાણ આરે હજુ પણ અનેક સમસ્યાઓ
- વિશ્વાસને વધારવાની સતત જરૂર
- જ્વેલર્સ માને છે કે કસ્ટમરોમાં વિશ્વાસ જગાવવા માટે ઘણી રાહતો હોવી જોઈએ

ડિઝાઈનવાળી જ્વેલરીની ઓનલાઈન ખરીદી સતત જારી છે. અસોસિએટેડ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ઓફ ઈન્ડિયા (એસોચેમ)ના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૧૫ સુધી ઈન્ટરનેટનું કદ વધવાની સાથે સાથે દેશમાં ઓનલાઈન રિટેલ કારોબાર વધીને ૭૦ અબજ રૂપિયા સુધી પહોંચી જશે. વર્ષ ૨૦૧૧માં આ કારોબાર ૨૦ અબજ ડોલરનો હતો. રિટેલ ઓનલાઈન ખરીદી આડે ઘણી અડચણો છે. ખાસ કરીને એવા સમયમાં જ્યારે દેશમાં

મોટાભાગના લોકો કિંમતી વસ્તુઓ ખરીદતા પહેલાં તેને જોવા સ્પર્શ કરવા અને પહેરવાનું પસંદ કરે છે. નિષ્ણાંતોના જણાવ્યા મુજબ વિશ્વાસ મહત્વપૂર્ણ બાબત છે. આને સારી ગુણવત્તાની ચીજવસ્તુ અને અસરકારક સુવિધાઓ આપીને વધારી શકાય છે. જ્વેલર્સ ડોટ કોમના અધિકારી પિયુષ બંસલનું કહેવું છે કે ખરીદારો અને વેપારીઓ વચ્ચે વિશ્વાસ સ્થાપિત કરવા માટે કેટલાક અસરકારક પગલાં જરૂરી છે. દરેક જ્વેલરીની સાથે હોલમાર્ક પ્રમાણપત્ર, ૧૪ દિવસની અંદર ચીજવસ્તુ પરત કરવાને લઈને કોઈ પ્રશ્ન નહીં કરવાની બાબત અને તાલિમ પામેલી સેવા ટીમ રાખવાની બાબતનો પણ સમાવેશ થાય છે. જ્વેલ્સ નેક્ટ ડોટ કોમના અધિકારીઓએ કહ્યું છે કે તમામ બાબતો પર વધુ ધ્યાન આપવાની જરૂર છે.

એન્ટોની સમિતિ પણ હારના કારણોની ઉંડી સમીક્ષા કરશે

નવી દિલ્હી,તા. ૭

ઉત્તર પ્રદેશની ચુંટણીમાં કારમી હારનો સામનો કર્યા બાદ રાહુલ ગાંધી એક બાજુ આકમક પગલા લેવાની તૈયારીમાં છે.ત્યારે બીજી બાજુ વરિષ્ઠ નેતા એકે એન્ટોનીના નેતૃત્વમાં અન્ય એક સમીક્ષા સમિતિ પણ ઉત્તર પ્રદેશઅને ગોવામાં કોંગ્રેસની કારમી હારના મામલામાં સંશોધન અને સમીક્ષા કરશે. પંજાબમાં પણ હારના કારણો શોધી કાઢવામાં આવશે. ઉત્તરાખંડમાં પક્ષના દેખાવની સમીક્ષા કરવામાં આવશે. એન્ટોનીના નેતૃત્વમાં સમીક્ષા સમિતિમાં દિલ્હીના મુખ્યમંત્રી શીલા દિક્ષીત અને કેન્દ્રીય પ્રધાન સુશીલ કુમાર શિંદેનો સમાવેશ થાય છે. આ સમીક્ષા સમિતિ મહિનાના અંત સુધી પક્ષ પ્રમુખ સોનિયા ગાંધીને અહેવાલ સોંપશે. પક્ષના સૂત્રોએ કહ્યુ છે કે ઉત્તર પ્રદેશમાં ધરખમ ફેરફાર પક્ષના સ્તર પર કરવામાં આવી શકે છે. ઉત્તર પ્રદેશમાં મોટાપાયે ફેરફાર ઉપરાંત અન્ય રાજ્યોમાં પણ કેટલાક ફેરફાર કરવામા આવી શકે છે. ૨૦૧૪માં યોજાનારી લોકસભાની ચુટણી પહેલા અને આગામી વિધાનસભાની ચુંટણી પહેલા મોટાપાયે ફેરફાર કરવા કોંગ્રેસ ઈચ્છુકે છે. એન્ટોની સોનિયા ગાંધી દ્વારા રચવામાં આવેલી ઉચ્ચ સ્તરીય કમેટીનુ નેતૃત્વ કરી રહ્યા છે. આ સમિતિ તમામ પાસાઓ ઉપર અભ્યાસ કરશે. સંરક્ષણ પ્રધાન પક્ષની કેન્દ્રીય શિસ્ત સમિતિનુ પણ નેતૃત્વ કરી રહ્યા છે. આ ઉપરાંત તેઓ ચાવીરૂપે કોંગ્રેસ કોરગ્રુપના પણ સભ્ય છે. જેના નેતૃત્વ પક્ષ પ્રમુખ દ્વારા કરવામાં આવી રહ્યુ છે. વડાપ્રધાન મનમોહનસિંહ તેના સભ્યોમાં સામેલ છે. એન્ટોની કમેટી ઉત્તરાખંડ અને પંજાબના નેતાઓને મળી ચુકી છે. આગામી બે ત્રણ દિવસમાં ઉત્તર પ્રદેશમાં ચુંટણીમાં જવાબદારી સંભાળનાર નેતાઓને પણ મળશે. ઉત્તર પ્રદેશ કોંગ્રેસ કમેટીમાં ધરખમ ફેરફાર થવાના એંધાણ દેખાઈ રહ્યા છે. રાજ્યની સંસ્થાને ચાર અથવા પાંચ ઝોનમાં વિભાજીત કરવામાં આવી શકે છે. ઉત્તર પ્રદેશની ચુટણીમાં હાર બાદ રાહુલ ગાંધીએ ગઈકાલે ચેતવણી આપી હતી કે કોંગ્રેસમાં ગેરશિસ્તને ચલાવી લેવાશે નહીં. રાજ્યના ચહેરાને ફરી બદલી કાઢવામાં આવશે. બે દિવસની કવાયતને સમેટી લેતા ગાંધીએ કહ્યુ હતુ કે હારને સ્વીકારવામાં તેઓ ખચકાતા નથી.

વૈશ્વિક ઘઉંના ઉત્પાદનમાં મોટો ઘટાડો થવાની વકી

નવી દિલ્હી,તા. ૭

વિશ્વમાં ઘઉંનું ઉત્પાદન વર્ષ ૨૦૧૨-૧૩ના પાક વર્ષમાં ઘટે તેવી શક્યતા છે. ગયા વર્ષના રેકોર્ડની સરખામણીમાં વર્ષ ૨૦૧૨-૧૩માં વૈશ્વિક ઘઉંનું ઉત્પાદન આંશિક રીતે ઘટીને ૬૮૧ મિલિયન ટનની આસપાસ રહેવીની શક્યતા છે. ઓસ્ટ્રેલિયા, કજાકિસ્તાન, મોરેક્કો અને યુક્રેનમાં આ વખતે ઓછું ઉત્પાદન થવાની સંભાવના છે. આ દેશોમાં ઓછા ઉત્પાદનના લીધે જ વૈશ્વિક રીતે ઘઉંનું ઉત્પાદન ઘટી ગયું છે. બ્રિટેન સ્થિત ઈન્ટરનેશનલ ગ્રેઈન કાઉન્સીલના જણાવ્યા મુંજબ વર્ષ ૨૦૧૨-૧૩માં વૈશ્વિક ઘઉ ઉત્પાદન ૧૫ મિલિયન ટન સુધી ઘટી જાય તેવી શક્યતા છે. ગયા વર્ષે ઘઉંનું રેકોર્ડ ઉત્પાદન થયુ હતું. ગયા વર્ષે વિશ્વભરમાં ઘઉંનું ઉત્પાદન ૬૯૬ મિલિયન ટન રહ્યું હતું જે હવે વર્ષ ૨૦૧૨-૧૩માં ઘટીને ૬૮૧ મિલિયન ટન રહેવાની શક્યતા છે. કાઉન્સીલના અહેવાલમાં આ મુજબનો ઘટકસ્ફોટ કરવામાં આવ્યો છે.અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે વિશ્વમાં ઘઉંનું ઉત્પાદન આ વર્ષે ૬૮૩ મિલિયન ટનના વૈશ્વિક અંદાજીત વપરાશ કરતા ઓછું રહેવાની વકી છે. એકંદરે ઉત્પાદન ઘટવાની આગાહી કરાઈ છે. કારણ કે આ વખતે ઓસ્ટ્રેલિયા, કજાકિસ્તાન, મોરક્કો, યુક્રેન જેવા દેશોમાં ઘઉંનું ઉત્પાદન ઘટી ગયું છે. જો કે ઉત્તર અમેરિકા અને રશિયામાં ચિત્ર સારુ રહ્યું છે. ભારત અને ચીન એવા દેશ છે જ્યાં વિશ્વમાં ઘઉંનું ઉત્પાદન સૌથી વધારે થાય છે. ભારતમાં ઓક્ટોબર નવેમ્બરના ગાળામાં ઘઉંની પેદાશ શરૂ થાય છે. જ્યારે કાપણીની પદ્ધતિની પ્રક્રિયા એપ્રિલના મધ્યમાં શરૂ થાય છે. ઘઉંના ઉત્પાદનના મામલામાં ભારત નવા રેકોર્ડ બનાવી રહ્યું છે.

સ્થાનિક રૂટો ઉપર બિઝનેસ ક્લાસની સીટમાં કાપ મુકાયો

નવી દિલ્હી,તા. ૭

ભારતમાં એરલાઈન્સ હાલમાં નાણાકીય કટોકટીનો સામનો કરી રહી છે. એરલાઈન્સ હવે નવી ગણતરીના ભાગરૂપે સ્થાનિક રુટો પર બિઝનેસ ક્લાસની સીટમાં કાપ મૂકી રહી છે. ઘણા સેક્ટરો ઉપર ઓછી માંગના કારણે મહેસૂલી નુકસાન પણ થઈ રહ્યુ છે. સરકારી માલિકીની એલઈન્ડિયાએ તમામ ઈકોનોમી ક્લાસની સીટોમાં ફેરફાર કરવાની તૈયારી હાથ ધરી છે. એરઈન્ડિયાએ બિઝનેસ ક્લાસ સીટોની સંખ્યામાં ઘટાડો કરી દીધો છે. અન્ય પ્રતિ વિમાનમાં બિઝનેસ ક્લાસની સીટો ૨૦થી ઘટાડીને ૧૨ કરી દેવામાં આવી છે. નામ જાહેર નહીં કરવાની શરતે એરઈન્ડિયાના અધિકારીએ કહ્યુ છે કે નાના શહેરોને જોડતીવેળા આ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. અધિકારીએ કહ્યુ છે કે આવક વધારવા અને ક્ષમતાનો યોગ્ય ઉપયોગ કરવાના હેતુસર બિઝનેસ ક્લાસની સીટોમાં કાપ મૂકવામાં આવી રહ્યો છે. બિઝનેસ ક્લાસની સીટો પ્રમાણમાં ખાલી રહી જાય છે. આવી સ્થિતિમાં આવક ઘટે છે. હવે બિઝનેસ ક્લાસની સીટોમાં કાપ મૂકીને ક્ષમતાને દસ ટકાસુધી વધારી શકાશે. જ્યાં બિઝનેસ ક્લાસની સીટોં ભરાતી નથી તેવા સેક્ટરમાં મહેસૂલી આવક ઉભી કરવામાં મદદ મળશે. સ્થાનિક માર્કેટ હાલમાં બિઝનેસ ક્લાસમાં દસ ટકા ઓફર કરે છે. જ્યારે બાકીની સીટ ઈકોનોમી ક્લાસમાં હોય છે. કિંગફિશર એરલાઈન્સ દ્વારા ફ્લાઈટોની સંખ્યામાં કાપ મૂકવાના કારણે બિઝનેસ ક્લાસની સીટોમાં ઘટાડો જોવા મળે છે. જુદી જુદી લો કોસ્ટ કેરિયર દ્વારા ક્ષમતામાં ઉમેરો કરવામાં આવી રહ્યો છે. સ્થાનિક એરલાઈન્સ દિવસમાં ૨૦૦૦૦૦ સીટ ઉપલબ્ધ કરાવે છે. અગાઉ છ મહિનાના ગાળા સુધી ૧૫ ટકા બિઝનેસ ક્લાસની સીટો હતી. નાણાકીય સમસ્યાના કારણે કિંગફિશરે ફ્લાઈટોની સંખ્યા ઘટાડી દીધી છે. હવે તે દિવસમાં ૧૨૦ ફ્લાઈટો ઉપલબ્ધ કરે છે જેમાં ૨૦ વિમાન છે. દસ એરબસ, ૩૨૦ અને૧૦ એટીઆર સામેલ છે. એરલાઈન્સ દ્વારા ધીમે ધીમે આંકડાઓ બદલવામાં આવી રહ્યા છે. બિઝનેસ ક્લાસની સીટોને ઈકોનોમી ક્લાસની સીટોમાં ફેરવવાની પ્રક્રિયા ચાલી રહી છે. એરલાઈન્સ દ્વારા દરરોજ ઓફર કરાતી ૨૦૦૦૦૦ ડોમેસ્ટિક સીટ પૈકી આખરે દસ ટકા બિઝનેસ ક્લાસની સીટ હોય છે. એર ઈન્ડિયાએ બિઝનેસ ક્લાસની સીટો ૬૨ વિમાનો પૈકી ૬૦માં ઘટાડી દીધી છે. જાણકાર નિષ્ણાંતોનુ કહેવુ છે કે બિઝનેસ ક્લાસની સીટમાં ઘટાડો ઉપયોગી સાબિત થશે. આનાથી ઈકોનોમી ક્લાસની સીટમાં સ્પર્ધા રહેશે.

આજે રાજસ્થાન રોયલ્સ અને નાઇટ રાઇડર્સ વચ્ચે જંગ

જયપુર,તા. ૭

ઈન્ડિયન પ્રિમિયર લીગ-પની સાતમી મેચમાં આવતીકાલે રાજસ્થાન રોયલ્સ અને કોલકત્તા નાઈટ રાઈડર્સ વચ્ચે ખરાખરીનો જંગ ખેલાશે. આવતીકાલે રવિવારે હોવાથી જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમ પર મોટી સંખ્યામાં ક્રિકેટ ચાહકો ઉમટી પડે તેવી શક્યતા છે. જયપુરમાં રમાનારી આઈપીએલની આ મેચને લઈને ક્રિકેટ ચાહકોમાં ઉત્સુકતા છે. પ્રથમ મેચ રાહુલ દ્રવિડના નૃત્વમાં રાજસ્થાન રોયલ્સે જીતી લીધા બાદ ટીમ વધારે ઉંચા નૈતિક જુસ્સા સાથે મેદાનમાં ઉતરશે. રાજસ્થાનની ટીમમાં અનેક સ્ટાર ખેલાડીઓ છે. જો કે ઓલ રાઉન્ડર શેન વોટ્સન હાલમાં ઓસ્ટ્રેલિયા તરફથી રમી રહ્યો છે. જેથી તે શરૂઆતની મેચોમાં રાજસ્થાન રોયલ્સ તરફથી રમી શકશે નહી. જો કે ટીમમા હજુ પણ અનેક ધરખમ ખેલાડીઓ છે. જે શાનદાર દેખાવ કરવા સંપૂર્ણ પણે સજ્જ છે. આવતીકાલની મેચમાં રાહુલ દ્રવિડ અને ગૌતમ ગંભીર આમને સામને આવશે. દર્વિડ ઉપરાંત, પોલ કોલિંગ્વુડ, બ્રેડ હોજ, આકાશ ચોપડા, અમિત પાઉનિકર તેમજ સ્ટુઅર્ટ બિન્ની ઘરઆંગણે શાનદાર દેખાવ કરવા તૈયાર છે. શેન વોર્ન નિવૃતિ લઈ લીધા બાદ દ્રવિડને રાજસ્થાન ટીમના કેપ્ટન તરીકેની જવાબદારી આપવામાં આવી છે. બીજી બાજુ કોલકત્તા નાઈટ રાઈડર્સ પણ અપસેટ સર્જી શકે છે. ટીમમાં ગૌતમ ગંભીર ઉપરાંત બેન્ડન મેક્કુલમ, મનોજ તિવારી, યુસુફ પઠાણ, શકીબ અલ હસન, રજત ભાટિયાનો સમાવેશ થાય છે. આ મેચનું પ્રસારણ આવતીકાલે સાજેં ચાર વાગ્યાથી સેટ મેક્સ પરથી કરવામાં આવશે. ગૌતમ ગંભીરની કેપ્ટનશીપને લઈને પણ ક્રિકેટ ચાહકોની નજર રહેશે.

આઈપીએલ-૫માં નિરાશાજનક શોથી આયોજકો ચિંતાતુર

નવી દિલ્હી,તા. ૭

ઈન્ડિયન પ્રીમિયર લીગ-પની શરૂઆત નિરાશજનક રહી હતી પરંતુ સેટમેક્સે કમાણી શરૂ કરી દીધી છે. આઈપીએલ-પનુ ઉદ્‌ઘાટન ભવ્ય રીતે કરવામા આવ્યુ હતુ પરંતુ આ વખતે તેનાથી મોટાભાગની લોકો પ્રભાવિત થયા ન હતી. અગાઉની એડિશનની જે રીતે શરૂઆત થઈ હતી. તેવી શરૂઆત આ વખતે થઈ ન હતી. ટેમ મીડિયા રિસર્ચપ્રાઈવેટ લિમીટેડના યુનિટ ટેમસ્પોર્ટસ પાસેથી મળેલા આકડા મુજબ આઈપીએલ-૫ માટે ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં રેટીંગ ભારતમાં યોજાયેલી સ્પર્ધાની એડિશનમાં હજુ સુધી સૌથી નીચે રહેતા આયોજકોમાં ખળભળાટ મચી ગયો છે. સિજન ચારમાં ઓપનિંગ કાર્યક્રમમાં રેટીંગ ૩.૩૩ અને આ વખતે ૧.૧૧ રહેતા સામાન્ય લોકો હતાશ થયા છે. આ રેટીંગ છ મેટ્રો શહેરો દિલ્હી, મુંબઈ,કોલકાતા, ચેન્નાઈ, હૈદરાબાદ અને બેંગલોર માટે છે. ટીવીઆરને અસર થઈ છે. પરંતુ સેટમેક્સે કમાણી શરૂ કરી છે. આંકડા મુજબ સેટમેક્સના રેટીંગમાં સુધારો થયો છે. મીડિયા ખરીદદારો મુજબ આઈપીએલમાં લોકોના ઘટતા જતા રસથી આયોજકો અને જાહેરાત આપનારાઓ ચિંતિત છે. ગયા વર્ષે આઈપીએલમાં સરેરાશ વ્યુવરસીપ ૩.૯૧ હતી. જ્યારે હવે તેમા વધુ ઘટાડો થઈ રહ્યો છે. સેટમેક્સનુ કહેવુ છે કે એકંદરે ઓલ ઈન્ડિયારેટીંગ માટે અમે રાહ જોઈ રહ્યા છીએ. આમા સુધારો થશે.

સિયાચીન ગ્લેશિયરમાં આશરે પાક.ના ૧૫૦ સૈનિકો ફસાયા

ઈસ્લામાબાદ,તા. ૭

સિયાચીન ગ્લેશિયરની નજીક ભારતની સરહદ પર આજે સવારે હિમપ્રપાતના કારણે આશરે ૧૩૫ જેટલા પાકિસ્તાની સૈનિકોના મોત થયા હોવાની દહેશત પ્રવર્તી રહી છે. પાકિસ્તાની સેનાના પ્રવક્તા તરફથી આ માહિતી આપવામાં આવી છે. બીજી બાજુ કેટલીક સમાચાર સંસ્થઓએ કહ્યુ છે કે આ ઘટનામાં આશરે ૧૫૦ સૈનિકો બરફની ભેખડ હેઠળ ફસાઈ ગયા છે. લશ્કરી સૂત્રોએ વિગત આપતા કહ્યુ છે કે ફસાયેલા જવાનોને બચાવવા અને તેમને શોધા કાઢવા માટે હેલિકોપ્ટરો, સ્નીફર્ડ ડોગ, અને સૈનિકો ગોઠવવામાં આવ્યા છે. સેના દ્વારાજારી કરવામા આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યુ છે કે ગ્લેશિયરના ગાયરી સેકટરમાં આ બનાવ બન્યો હતો. બટાલિય હેડક્વાટર પર હિમશીલા પડતા સેકડો જવાનો ફંસાઈ ગયા હતા. સૈનિક નિષ્ણાંતોનુ કહેવુ છે કે સિયાચીનમાં ભેખડો ધસી પડવા અને ખરાબ હવામાનના કરાણે બંદૂકની ગોળિયોથી મરનારની સંખ્યા કરતા વધુ સંખ્યામાં મોત થાય



છે. પાકિસ્તાની સેનાના પ્રવક્તા મેજર જનરલ અથર અબ્બાસે કહ્યુ છે કે આજે સવારે આશરે ૬ વાગે સિયાચીન ક્ષેત્રમાં સેનાના હેડક્વાટર ખાતે હિમપ્રપાતની સ્થિતિ સર્જાઈ હતી. સિયાચીન કાશ્મીરના ઉત્તરી ભાગ તરીકે છે. ભારતની સ્વતંત્રતા બાદ કાશ્મીરને લઈને ભારત અને પાકિસ્તાન ત્રણ વેખત યુદ્ધ લડી ચુક્યા છે. સિયાચીન ગ્લેશિયરના ઉપર કારકોરમ પહાડી સિરીજમાં બંને દેશોની સેનાઓ વર્ષ ૧૯૮૪માં આમને સામને છે. અંદાજ મુજબ બંને દેશોના આશરે ૧૦હજારથી ૨૦ હજાર જેટલા સૈનિકો ફરજ બજાવી રહ્યા છે. ગયારીમાં હેડક્વાટર સૈનિકો માટે ગેટવે સમાન છે. સેક્ટરમાં અન્ય વધુ રિમોટ આઉટ પોસ્ટ પર સૈનિકો અને પૂરવઠાને પહોંચાડવા માટે ગાયરેના હેડક્વાટરનો ઉપયોગ કરવામાં આવે છે. બનાવ અંગે વધુ માહિતી મળી નથી. ૧૯૮૪માં અંહી સંઘર્ષ થયુ હતુ એ વેળા ભારતે ૭૮ કિલોમીટર લાંબા ગ્લેશિયરની ઉંચાઈ ઉપર કબ્જો જમાવ્યો હતો. હિમપ્રપાતના બનાવને લઈને ભારે ખળભળાટ મચી ગયો છે. મોતના આંકડાને લઈને સસ્પેન્સની સ્થિતિ બનેલી છે.

આરબીઆઈ સીઆરઆરમાં કાપ મૂકી તેવી સંભાવના

નવી દિલ્હી,તા. ૭

દેશની સૌથી મોટી ધિરાણ આપતી બેંક એસબીઆઈએ કહ્યુ છે કે તે ૧૭મી એપ્રિલના દિવસે આરબીઆઈની વાર્ષિક ક્રેડિટ પોલિસીની જાહેરાત કરવામાં આવ્યા બાદ રેટમાં કાપ મૂકવા અંગે વિચારણા કરવામાં આવશે. ઈન્ટરનેશનલ બેંકિંગ એન્ડ ફાયનાન્સ કોન્ફરન્સમાં એસબીઆઈના મેનેજીંગ જડિરેકર અને ગ્રુપ એક્ઝિક્યુટીવ (નેશનલ બેંકિંગ) એ કૃષ્ણ કુમારે કહ્યુ હતુ કે ભવિષ્યમાં વ્યાજદરમાં ઘટાડો કરવા અમે ચોક્કસ પણે વિચારણ કરીશુ પરંતુ આરબીઆઈ દ્વારા સીઆરઆરમાં કાપના કદ ઉપર તમામ બાબત આધારિત હશે. તેમણે ઉમેર્યુ હતુ કે મોટા ભાગની બેંકો આરબીઆઈની ક્રેડિટ પોલિસી ઉપર નજર રાખી રહી છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે ૧૭મી સીઆરઆરમાં કાપ મૂકવામાં આવશે. જો કે રેપોરેટમાં ઘટાડો થવાની કોઈ અપેક્ષા નથી. આરબીઆઈની નીતિમાં કયા પગલા લેવાશે તે અંગે પૂછવામાં આવતા તેઓએ આ મુજબની પ્રતિક્રિયા આપી હતી. સીઆરઆર હાલમાં ૪.૭૫ ટકા છે. દરમિયાનમાં એસબીઆઈના ચેરમેન પ્રતીપ ચૌધરીએ કહ્યુ હતુ કે આરબીઆઈ વાર્ષિક નીતિમાં સીઆરઆરમાં ૦.૭૫ ટકાનો ઘટાડો કરી શકે છે. પરંતુ ટુંકાગાળના ધિરાણદર ૮.૫ ટકાના દરે યથાવત રાખવામાં આવશે.

દાર્જિલિંગમાં ભારે હિમવર્ષા થઈ

દાર્જિલિંગ,તા.૭

દાર્જિલિંગમાં સતત બીજા દિવસે કમોસમી હિમવર્ષા અને ભારે વરસાદ જારી રહેતા તમામ લોકોને આશ્ચર્ય થયું છે. ભારે વરસાદના કારણે એકનું મોત થયું છે. સવારના ટ્રેન સેવાને પણ માઠી અસર થઈ છે. જિલ્લા વહિવટી તંત્રના સૂત્રોએ કહ્યું છે કે, દાર્જિલિંગ વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસમાં હિમવર્ષા થઈ છે. આજે સવારે દોઢ ઈંચ જેટલો બરફ પડ્યો હતો. એપ્રિલ મહિનામાં હિમવર્ષાને ખૂબજ અસામાન્ય ગણવામાં આવે છે. સવારમાં લોકો ઉઠે ત્યારે મકાનની છતો

ઉપર બરફ જામી ગઈ હતી. બરફના કારણે લોકોમાં ખુશીનું મોજું ફરી વળ્યું હતું. પ્રવાસીઓ પણ બરફની મજા માણવા માટે ઉમટી પડ્યા હતા. કોલકત્તામાં હવામાન વિભાગે માહિતી આપતા કહ્યું છે કે હજું પણ વધારે હિમ વર્ષા થઈ શકે છે. સવારના સમયમાં હિમવર્ષા બાદ વરસાદ પણ પડ્યો હતો. જેના કારણે તાપમાનમાં ઘટાડો થયો હતો. દાર્જિલિંગમાં અનેક વખત એપ્રિલના મહિનામાં હિમવર્ષા થાય છે પરંતુ આ વખતે થયેલી હિમવર્ષાથી તમામને આશ્ચર્ય થયું છે. કારણ કે હિમવર્ષાની સાથે સાથે વરસાદ પણ પડ્યો છે. સવારમાં નોકરી પર જતા લોકો જુદી-જુદી જગ્યાઓએ અટવાઈ પડ્યા હતા.

માઇક્રોમેક્સની પીસી ફનબુક સાથે દેશના બજારમાં એન્ટ્રી

નવી દિલ્હી,તા. ૭

મોબાઈલ ફોન બનાવતી કંપની માઈક્રોમેક્સે ૬૪૯૯ રૂપિયાની કિંમતમાં ફનબુક સાથે ટેબલેટ પીસી માર્કેટમાં એન્ટ્રી કરી લીધી છે. શૈક્ષણિક ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરીને માઈક્રોમેક્સે પીસી માર્કેટમાં એન્ટ્રી કરી છે. માઈક્રોમેક્સને આશા છે કે આ ક્ષેત્રમાં તેને સફળતા મળશે. હરિદ્વારમાં કંપનીના મેન્યુફેક્ચિરંગ યુનિટમાં ભારતમાં આ સાધન બનાવવામાં આવશે. આનુ નામ ફનબુક રાખવામાં આવ્યુ છે. માઈક્રોમેક્સના સીઈઓ દિપક મેહરોત્રાએ પત્રાકોર સાથેની વાતચીતમાં કહ્યુ છે કે અમે દર મહિને એક લાખ યુનિટ બનાવવાની ક્ષમતા ધરાવી છીએ. આ સંખ્યા વધારવાની પણ પહેલાથી જ ગણતરી કરી ચુક્યા છીએ. સાધનો કેટલા પ્રમાણમાં વેચાય છે તેના ઉપર તમામ બાબત આધારિત રહેશે. કંપની આ પ્રોડક્ટ બજારમાં લાવીને સ્પર્ધાને વધુ તીવ્ર બનાવી રહી છે. આ પ્રોડક્ટ માટે કંપની ૩૬૦ ડિગ્રી માર્કેટીંગ ઝુંબેશ પણ શરૂ કરનાર છે. જેનાથી માઈક્રોમેક્સની બોલબાલા ફરી એક વાર વધી શકે છે. માઈક્રોમેક્સ આના માટે મોટા પ્રમાણમાં મૂડી રાકોણ કરવાની પણ યોજના ધરાવે છે. જો કે તેમણે આ સંબંધમાં વધારે વિગત આપી ન હતી. ફનબુક સાત ઈંચનુ છે. તે એન્ડ્રોઈડ ૪.૦.૩ આઈસ્ક્રીમ સેન્ડવીચ